ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૧૫/૧૮-૧૯/ 5099 તારીખ : 15 NOV 2018

પ્રતિ,

કેસ ન. ૧૧૫/૧૮-૧૯.

શ્રી પટેલ રણછોડભાઈ મોહનભાઈ,
મુ. પો. તા. લખતર,
લખતરીયા શેરી,
જી. સુરેન્દ્રનગર.
મો : ૯૪૨૮૧ ૯૩૫૮૯.

**વિષય : પી.જી.વી.સી.એલ. લખતર પે.વી. કચેરીના નાયબ ઈજનેર સામે તપાસ અંગે.**

સંદર્ભ : ૧) આપનો પત્ર તા. ૧૩.૦૯.૧૮. અત્રેની કચેરીને મળ્યા તા. ૨૪.૦૯.૧૮.
૨) બીઝેડ/ફોરમ/૧૧૫/૧૮-૧૯/૪૪૨૮ તા. ૨૯.૦૯.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા. 30.૧૦.૧૮. નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી.સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:- ઉપર મુજબ.

પ્રતિ:
શ્રી કાર્યપાલક ઈજનેર,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,
વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર. .

**નકલ રવાના:-**

૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, લખતર.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L. Bhavnagar Grievance Redressal Forum

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૧૧૫/૧૮-૧૯**

વાદી :– રણછોડભાઈ મોહનભાઈ પટેલ

◈ વિરૂઘ્ઘ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ**:– 30/૧૦/૨૦૧૮ ◈

હાજર રહયા :– રણછોડભાઈ મોહનભાઈ પટેલ – પોતે.

પ્રતિવાદી :– શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.

રણછોડભાઈ મોહનભાઈ પટેલ, મુ. લખતર, તા. લખતરની નાયબ ઈજનેર વિરુધની ફરિયાદ બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૧૫/૧૮-૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં.બીઝેડ/ ફોરમ/ ૧૧૫/૧૮-૧૯ /૪૪૨૮ તા.૨૯.૦૯.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. 30.૧૦.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર. ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત**:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ પટેલ રણછોડભાઇ મોહનભાઇ દ્વારા પીજીવીસીએલ લખતર ના નાયબ ઇજનેર સામે તપાસ કરવા અંગેની ફરીયાદ કરવામાં આવેલ છે, ઝુપડપટ્ટીમાં વીજ કનેક્શન આપવા, ફરજ પર ટાઇમસર હાજર રહેતા નથી વગેરે જેવી બાબતે ફરીયાદ કરવામાં આવેલ છે.તથા એસ.આર. બાબતની ફરિયાદ છે.

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,**

૨.૧ પ્રતિવાદીના જણાવ્યા પ્રમાણે વાદી ખોટી ફરિયાદ કરવા ટેવાયેલા છે તેમજ ખોટા દસ્તાવેજો રજુ કરી ગ્રાહક વતી અરજી કરવા ટેવાયેલા છે.

૨.૨ એસ.આર.ને લગતી કામગીરી કંપનીના નિયમ મુજબ નવા કનેક્શનની કાર્યવાહી કરવામાં આવે છે. તથા અરજીઓ નો નિકાલ કરવામાં આવે છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી પટેલ રણછોડભાઈ મોહનભાઈ ગામ લખતરએ ફોરમને લખતર ઓફીસમાં વહીવટી નિયમો મુજબ કામ ન થવા બાબતે રજૂઆત કરેલ છે જેમાં એસ.આર. બનાવવામાં થતા વિલંબ, એસ્ટીમેટ આપવામાં વિલંબ, સ્ટાફની વર્તુણક બાબતે રજૂઆત કરેલ છે.

૩.૨ વાદી અરજદારની કોઈ ચોક્કસ કેસ કે ગ્રાહક અત્રેની રજૂઆત કરવામાં આવેલ નથી, અને જે રજૂઆત કટેલ છે તે વહીવટી ખામીઓ અંગેની કરેલ છે આથી ફોરમેં આ બાબતે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો ના આધાર** હુકમ કરવામાં આવે કે " તારણ નંબર ૩.૨ મુજબ વાદીની ફરિયાદ રદ કરવામાં આવે છે."
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
(પી. એચ. માવાણી)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એમ.આર.વજરીયા)
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :–૩૦.૧૦.૧૮.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L Bhavnagar